પાણી વિનાના ફુવારા - ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં ઉત્સાહપૂર્વક રંગબેરંગી ફુવારાનું લોકાર્પણ કરાયું હતું. છેલ્લા કેટલાય વખતથી ફુવારા બંધ હાલતમાં છે... વખતોવખત વેપારી એસોસીએશન દ્વારા અને અખબારના માધ્યમ દ્વારા રજૂઆતો છતાં ફુવારાની હાલત એમની એમ જ છે... ગરમીના દિવસોમાં ફુવારો યાદ આવે એ સ્વાભાવિક છે.... અને આ જ દિવસોમાં ફુવારાની હાજરી ઠંડક આપે છે... આ નયનરમ્ય અને ઠંડક પ્રસારવનાર ફુવારા ઝડપથી દૂરસ્ત કરાવી અને સેક્ટર-૨૧ના શોપીંગની શોભામાં વધારો થાય એવી લાગણી સર્વત્ર પ્રવર્તમાન છે.... **(તસવીર : દિપક જાની)**

રીક્ષાગેંગે પેસેન્જરના થેલામાંથી દાગીના ભરેલી પોટલી સેરવી લીધી

દિકરીના રીસેપ્શન પતાવી આજે સવારે ઘરે પરત ફરી રહ્યા હતા : ઘ-૫થી સે.૨૦ જવા માટે રિક્ષા કરી હતી : બેગમાં ૧૫ તોલા સોનાના દાગીના પોટલી બાંધીને સંતાડ્યા હતા રિક્ષામાં પહેલેથી જ એક યુવતી સહિત ત્રણ શખ્સો મુસાફરના સ્વાંગમાં બેઠા હતા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગાયબ થઈ ગયેલી રિક્ષાગેંગ પુનઃ સક્રિય થઈ જતાં ફફડાટ મચી જવા પામ્યો છે. સે.૨૦માં રહેતું દંપતિ તેમની દિકરીના લગ્ન બાદ સાસરી પક્ષે રાખેલા રિસેપ્શન પતાવીને આજે સવારે ઘરે પરત ફરી રહ્યું હતું તે દરમિયાન ઘ-૫થી સે.૨૦માં જવા રિક્ષા ભાડે કરીને ઘરે જવા નિકળ્યા હતા. રિક્ષા ગેંગે તેમની નજર ચુકવીને બેગમાંથી ૧૫ તોલા વજનના સોનાના દાગીના ભરેલી પોટલી સરકાવી લીધી હતી. ઘરે પહોંચીને જોયું તો બેગમાં દાગીનાની પોટલી જ ન હતી. સે.૨૧ પોલીસ મથકે આ અંગે ફરિયાદ આપતાં રૂ. ૨.૪૨ લાખના દાગીનાની ચોરી અંગે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે.૨૦, બ્લોક નં.૯૧/૬, ચ-ટાઈપ ખાતે રહેતા કનુભાઈ શંકરભાઈ નેવાણી સરકારી નોકરી કરે છે. તેમની દિકરીના લગ્ન બાદ ગઈકાલે સાસરી પક્ષે યોજેલા રિસેપ્શનમાં તેઓ અમદાવાદ ખાતે મેમકો ગયા હતા. આજે સવારે કનુભાઈ તેમની પત્ની અને દિકરીને લઈને અમદાવાદથી જીપમાં ગાંધીનગર ઘ-૫ સર્કલે ઉતર્યા હતા. તેમની પાસે બેગ હતી જેમાં અંદાજે ૧૫ તોલા વજનના સોનાના દાગીના ભરેલી એક પોટલી હતી. જે બેગમાં સંતાડીને મુકી હતી. ઘ-૫થી પોતાના ઘરે સે.૨૦ ખાતે જવા માટે તેમણે રિક્ષા ભાડે કરી અને રૂ. ૨૫ ભાડું નક્કી કરી ત્રણેય સભ્યો રિક્ષામાં બેઠા હતા. તે સમયે રિક્ષામાં પહેલેથી જ મુસાફરના સ્વાંગમાં બે યુવાનો અને એક યુવતી બેઠી હતી. રસ્તામાં યુવતી રિક્ષામાંથી ઉતરી ગઈ હતી. રિક્ષાવાળાએ કનુભાઈને ઘરે પહોંચાડ્યા, ઘરે જઈને થેલો જોયો તો તેમાંથી દાગીના ભરેલી પોટલી જ ગાયબ હતી. કનુભાઈના પત્ની રીક્ષામાં પાછળ બેઠા હતા અને તેમના પગ નીચે થેલો દબાવેલો હતો. રિક્ષા ગેંગે તેમની નજર ચુકવીને બેગની ચેઈન ખોલી તેમાંથી કાપડમાં દાગીના વિંટીને બનાવેલી પોટલી સરકાવી લીધી હતી. કનુભાઈ નેવાઈએ સે.૨૧ પોલીસ મથકે આ બનાવ અંગે ફરિયાદ આપતા પી.એસ.આઈ. સી.આર. પરમારે રૂ. ૨.૪૨ લાખના દાગીના ચોરી સંદર્ભે ગુનો નોંધી રિક્ષાગેંગને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરમાં પુનઃ ગરમીનું મોજુ પારો ૪૧.૮ ડિ.સે.

આખો દિવસ ભયંકર લુ ફુંકાઈ : વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા બફારાનો અનુભવ

ગાંધીનગર, તા.૧૪

ચાર - પાંચ દિવસ ગરમીમાં ઘટાડો રહ્યા બાદ ગઈકાલ રાતથી પુનઃ કાળઝાળ ગરમીનો પ્રારંભ થયો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૦ ટકા જેટલું રહેતા વસાહતીઓ બફારાથી કંટાળ્યા છે. આજે આકરો તાપ પડતાં મહત્તમ તાપમાન ૪૧.૮ ડિ.સે. પહોંચી ગયું છે.

મે માસની શરૂઆતથી જ શરૂ થયેલા ગરમીના મોજાએ લાગલગાટ પંદર દિવસ સુધી ગાંધીનગરાઓને ગરમીમાં હેરાન પરેશાન કરી મુક્યા હતા. ઘણા દિવસો સુધી મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ રહ્યું હતું. બે-ત્રણ દિવસ તો મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેવી કાળઝાળ ગરમીનો અનુભવ સૌએ કર્યો હતો. આકરી ગરમીથી સૌ એકદામ ત્રાસી જાય તે પહેલાં ચાર-પાંચ દિવસ અગાઉ વાતાવરણમાં પરિવર્તન આવ્યું હતું. પવનની દિશા બદલાતા તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો અને મહત્તમ તાપમાનમાં રાહત અનુભવી હતી. જોકે ગઈકાલ રાતથી પુનઃ આકરી ગરમીનો પ્રારંભ થયો છે. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી રહ્યું હતું. પવન પણ સાવ બંધ હોવાથી વસાહતીઓ ગરમીથી રાહત મેળવવા મોડીરાત સુધી આંગણામાં કે અગાસી પર બેસી રહ્યા હતા.

જાહેર માર્ગો અને બગીચાઓમાં પણ વસાહતીઓ બેસી રહ્યા હતા. માંડ વહેલી સવારે થોડીક રાહત મળી ત્યાં જ સૂર્યોદય સાથે ગરમીનું મોજુ ફરી વળ્યું હતું. આખો દિવસ ભયંકર લુ ફુંકાઈ હતી. આથી મહત્તમ તાપમાન ૪૧.૮ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. તાપમાન વધવા સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા બફારાનો અનુભવ થતો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ બની ગયા હતા. કુલર, પંખાએ તો જાણે કામ કરવાનું બંધ કરી દીધું હતું તો એ.સી. ચાલુ કર્યા બાદ માંડ થોડીક ઠંડક મળતી હતી. ઘણાં ઘરોમાં તો આખો દિવસ અને આખી રાત એ.સી. ફુલસ્પીડે ચાલ્યા હતા. અંગ દઝાડતી ગરમીની અસર જનજીવન પર પણ જોવા મળી હતી.

સે-૧ના તળાવ પાસે ૨૨ લાખના ખર્ચે ફૂડકોર્ટનું કામ હાથ ધરાશે

જુદા જુદા બે ભાગમાં ખાણી-પીણી માટે ૫ સ્ટોલ્સ બનશે

ગાંધીનગર, તા.૧૪

સે-૧ સ્થિત તળાવને પિકનિક સ્પોટ બનાવાની કાર્ય યોજના ૭ વર્ષના અંતે પણ પૂર્ણ થઈ નથી. તળાવ વિકાસ પાછળ કરોડો રૂપિયાનું આંધણ થયા બાદ પણ વર્ષોના અંતે તળાવની રોનક નિખરી નથી. બીજી તરફ તળાવ

આસપાસનો વિસ્તાર ડેવલપ કરવાનું કામ પણ મોટાભાગનું પૂર્ણ થઈ ગયું છે. પિકનિક સ્પોટ પર આવનાર સહેલાણીઓ માટે તંત્ર દ્વારા હવે ફૂટકોર્ટ બનાવવાનું કામ હાથ ધરાશે. જેમાં વિવિધ ૫ જેટલા સ્ટોલ્સ ઉભા કરાશે. રૂ. ૨૨ લાખના ખર્ચે હાથ ધરાનારી આ કામગીરી સંદર્ભે વર્ક ઓર્ડર આપી દેવાતા ચાલુ મહીનાના અંત સુધીમાં કામ શરૂ કરી દેવાશે.

શહેરના નવ વિકસિત વિસ્તારમાં વી.આઈ.પી. ગણાતા સે-૧માં વર્ષો પૂર્વે તળાવ વિકાસની યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. શરૂઆતના તબક્કે પૂરજોશમાં ચાલતા તળાવ નિર્માણનું કામ પ્રારંભિત તબક્કા બાદ બે વર્ષ સુધી ટલ્લે ચઢતા આખી યોજના પર બ્રેક વાગી ગયો હતો. જો કે ત્યારબાદ તંત્ર દ્વારા મંદગતિએ તળાવ વિકાસની યોજનાનું કામ હાથ ધર્યું હતું. જેના અંતે સ્થળ પર તળાવ નિર્માણ કરવા ઉપરાંત આસપાસના વિસ્તારમાં રમણીય ઉદ્યાન પણ બનાવવામાં આવ્યો છે. જ્યારે તળાવમાં પાણીની જરુરિયાત સંતોષવા અન્ડરગ્રાઉન્ડ સંપ તેમજ પાણીની ટાંકી પણ બનાવી દેવાઈ છે. તળાવના નઝારાને રંગીન બનાવવા આસપાસના વિસ્તારને વિકસાવવા પણ તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવ્યું છે. તળાવ આસપાસ હરિયાળી લોન નિખારવા ઉપરાંત લાઈટીંગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. ગત ચોમાસા દરમિયાન તળાવમાં પાણીનું ખાબોચિયું ભરેલું જોવા મળ્યું હતું. પરંતુ છેલ્લા બે વર્ષથી તળાવ તૈયાર થઈ ગયા બાદ પણ તેને પિકનીક સ્પોટ સમાન લુક આપી શકાયો નથી. અલબત્ત છેલ્લા ૭ વર્ષના અંતે કરોડો રૂપિયા ખર્ચાયા બાદ પણ સે-૧નું તળાવ આમ નાગરિકોમાં આકર્ષણનું કેન્દ્ર બની શક્યું નથી. જો કે તળાવને આનુસંગિક કામો પણ હજુ બાકી છે. સ્થળ પર એમ.પી. થિયેટર બનાવવાનું આયોજન વિખેરાઈ ગયું છે. પરંતુ તળાવને અનુલક્ષી ફૂટકોર્ટ બનાવવાનું કમ હવે ટૂંકમાં શરુ થઈ જશે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ફૂડકોર્ટ અન્વયે વિવિધ ૫ જેટલા સ્ટોલ્સ ઉભા કરવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. તેમજ સંબંધિત એજન્સીને વર્કઓર્ડર પણ આપી દેવાયો છે. તળાવ આસપાસ ત્રણ અને બે તેમ કુલ પાંચ દુકાનો બે ભાગમાં ખોલવામાં આવશે. આ માટે રૂ. ૨૧.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવશે.

મનપાના ટાસ્કફોર્સની ટીમે પાંચ સ્થળોએ ત્રાટકી ૬૫૫ કિલો કેરીનો નાશ કરાવ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાના ટાસ્કફોર્સની ટીમે આજે પાંચ સ્થળોએ ત્રાટકીને ૬૫૦ કિલો જેટલી કેરીનો જથ્થો નાશ કરાવ્યો છે. કરતા વેપારીઓ પર છેલ્લા એક સપ્તાહથી ધોંસ બોલાવી છે. તંત્રએ આવા વેપારીઓ સામે લાલ આંખ કરતાં નગરમાં આ કાર્યવાહીથી લોકોએ રાહત અનુભવી છે.

ગાંધીનગર શહેરમાં રોગચાળાની પરિસ્થિતિ ઊભી ના થાય તે માટે રચાયેલ ટાસ્કફોર્સની ટીમે શહેરમાં અખાદ્ય પદાર્થોનો વેપાર

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે ટાસ્કફોર્સની ટીમે સે.૧૭, જુના સચિવાલય પાસેના મીના બજાર, સે.૨૧ શાકમાર્કેટ, ઘ-૫ અને ઘ-૬ની આસપાસ જાહેર આરોગ્યના હિતમાં ત્રાટકી અને કાર્બાઈડથી કેરી પકવવા માટે રાખેલી પડીકીઓ તેમજ બગડી ગયેલી કેરીઓ અને કાર્બાઈડની પડીકી સાથેની કેરીઓનો જથ્થો અંદાજે ૬૫૫ કિલો જપ્ત કરી અને તેનો નાશ કર્યો છે.

ટાસ્કફોર્સની આ ટીમે પ્લાસ્ટીકની પ્રતિબંધિત કેરી બેગ તેમજ પ્લાસ્ટીકનો જથ્થો પણ કબ્જે લઈ આ અંગે ત્રણેક વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરી હતી.

ટાસ્કફોર્સની ટીમ છેલ્લા એક પખવાડિયાથી હરકતમાં આવી છે.

કેરીને પકવવા માટે કાર્બાઈડની પડીકીઓનો મોટો જથ્થો પણ આ ટીમે પકડી પાડ્યો છે. બગડેલી કેરીઓ પણ મળી આવતાં તપાસ ટીમ ચોંકી ઉઠી હતી અને તાત્કાલિક આ જથ્થાના નાશની કામગીરી વેપારીઓ પાસે કરાવી હતી.

સ્વર્ણિમ પાર્કમાં હવે ફેઝ-૩ માટે કાર્યયોજના આખરી થશે

રૂ. ૩૯ કરોડના ખર્ચને અનુલક્ષી નવી ડીઝાઈન તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૧૪

સ્વર્મિણ પાર્કમાં ફેઝ-૩ના આયોજનને આખરી કરવા તંત્ર દ્વારા રૂ. ૩૯ કરોડના ખર્ચને વહીવટી મંજુરી મળતા દરખાસ્ત કરવામાં આવી છે. પાર્કમાં (ચિલ્ડ્રનપ્લાઝા), વોટર બોર્ડ, સ્ટેચ્યુઝ તેમજ ફેન્સીંગનું કામ હાથ ધરવામાં આવનાર છે. જો કે ફેઝ-૩ અન્વયે ઉચ્ચકક્ષાની કામની ડીઝાઈન આખરી થયા બાદ આયોજન આખરી કરવામાં આવશે. સહેલાણીઓને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કમાં ૧૦૦ જેટલા બાંકડા મુકવાનું કામ પણ શરૂ કરી દેવાયં છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કના પ્રોજેક્ટને અનુલક્ષી બીજા તબક્કાની કામગીરી પણ પૂર્ણતાના આરે છે. પ્રથમ તબક્કામાં વોક વે અને રસ્તાનું કામ પૂર્ણ કરાયા બાદ પાર્કમાં હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશનનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે સહેલાણીઓ માટે સીટીંગ અંમ્બ્રેલા તેમજ જરૂરી ઠેકાણે બાકડા મુકી ઉજાસ પાથરવા આકર્ષક લાઈટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાને અનુલક્ષી ફૂડકોર્ટ, ચિલ્ડ્રન પ્લાઝા, વોટરબોડી સહિતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. જ્યારે લેન્ડ સ્કેપીંગની સાથે વિવિધ આકર્ષણો માટે અગાઉ ઉચ્ચ કક્ષાએ ડિઝાઈન પણ આખરી કરી દેવાઈ છે. સ્વર્ણિમપાર્કની યોજના અન્વયે તબક્કાવાર હાથ ધરાતી કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા હવે ફેઝ-૩નો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ફેઝ-૩ અન્વયે કામગીરી સંદર્ભે આયોજનને આખરી ઓપ આપવા આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ આયોજને અનુલક્ષી રૂ. ૩૯ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવા વિભાગને દરખાસ્ત મોકલાવી દીધી છે. હાલના તબક્કે સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે ૧૦૦ જેટલા બાકડા મુકવામાં આવી રહ્યા છે.

નવા ગાંધીનગરમાં પીવાનું પાણી ન મળતા બિલ્ડરના ઘરે રામધૂન બોલાવી

રાત્રીના સમયે રહીશોનું ટોળુ બિલ્ડરના ઘરે પહોંચ્યું : પોલીસે દરમિયાનગીરી કરી મામલો થાળે પડ્યો : આકરી ગરમીમાં સપ્તાહથી પીવાનું પાણી પણ મળતુ નથી ગટરનું દૂષિત પાણી ઉભરાતા ગુંગળામણ

ગાંધીનગર, તા. ૧૪

ગુડાના રાયસણ વિસ્તારમાં સ્થિત ફ્લેટના રહીશોને આકરી ગરમીમાં છેલ્લા પાંચ-સાત દિવસથી

પીવાનું પાણી નસીબ થયુ નથી ! બિલ્ડરો અને સત્તાવાળાઓને રજૂઆત કરી ગળે આવી ગયેલા સ્થાનિક રહીશોને ગઈકાલે રાત્રીના શહેરમાં રહેતા જવાબદાર બિલ્ડરોના ઘર આંગણે પહોંચી રામધૂન કરી હલ્લાબોલ કર્યો હતો. આખરે પોલીસે દરમિયાનગીરી કરી મામલો થાળે પાડવાની ફરજ પડી હતી. **(તસવીર : દિપક જાની)**

ગ્રીનસીટી - ક્લીનસીટીના કન્સેપ્ટને વેગ આપવાની સોહામણી વાતો સાથે ગુડાનું તંત્ર વિકાસના આગોતરા આયોજની બડાશો હાંકે છે. ત્યારે ગુડા વિસ્તારમાં હાઈટેક વિકાસની ગુલબાંગો વચ્ચે પાણી-ગટર સુવિધાના નામે મીંડુ ચિતરાયુ હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. રાયસણમાં પેટ્રોલ પંપ પાછળના વિસ્તારમાં સ્થિત પ્રમુખ એલીગન્સ નામના ફ્લેટમાં રહેતા રહીશોને છેલ્લા પાંચ-સાત દિવસથી પીવાનું પાણી નસીબ થતુ ન હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્ભવી છે. આકરી ગરમીમાં પાણીની પોકાર નાથવા કોઈ પગલા ન લેવાતા રહીશોને ગઈકાલે રાત્રીના બિલ્ડરોના ઘરે પહોંચી હલ્લાબોલ કર્યો હતો. આ વિસ્તારના

● અનુસંધાન પાન-૨ પર

મોંઘવારી ભથ્થા અંગે સચિવાલય કર્મચારી એસોસીએશનની સરકાર સમક્ષ રજૂઆત

મુદત વીતી ગઈ હોવા છતાં હજુ સુધી હપ્તો ચૂકવવામાં આવ્યો નથી

ગાંધીનગર, તા.૧૪

કર્મચારીઓને મોંઘવારી ભથ્થાનો લાભ આપવા તેમજ છઠ્ઠા પગાર પંચ અંતર્ગત એરિયર્સનો પાંચમો હપ્તો ચુકવી આપવા માટે સચિવાલય કર્મચારીઓ એસોસીએશન દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

સચિવાલય કર્મચારી એસોસીએશનના આગેવાને જણાવ્યું હતું છઠ્ઠા પગાર પંચ અંતર્ગત પગાર તફાવતના (એરિયર્સ)ના નાણાં પાંચ હપ્તામાં કર્મચારીઓને ચૂકવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો. જે અંતર્ગત અત્યાર સુધીમાં એરિયર્સના ચાર હપ્તા ચુકવી આપવામાં આવ્યા છે. પાંચમો હપ્તો ચૂકવવા માટેની મુદત વીતી ગઈ હોવા છતાં હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવ્યો નથી.

છઠ્ઠા પગાર પંચ અંતર્ગત એરિયર્સનો પાંચમો હપ્તો વહેલીતકે કર્મચારીઓને ચૂકવી આપવા માટે કર્મચારી એસોસીએશન દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત તાજેતરમાં કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓને આઠ ટકા મોંઘવારી ભથ્થું આપ્યું છે. કેન્દ્રના ધોરણે રાજ્યના કર્મચારીઓને પણ રાજ્ય સરકાર દ્વારા આ લાભ આપવામાં આવે છે. પરંતુ હજુ સુધી રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થામાં આઠ ટકાનો વધારો આપવાનો નિર્ણય કર્યો નથી જેના કારણે કર્મચારીઓમાં નારાજગી ઉઠવા પામી છે.

આથી સચિવાલય કર્મચારી એસોસીએશન દ્વારા રાજ્યના કર્મચારીઓને કેન્દ્રના ધોરણ-૮ ટકા મોંઘવારી ભથ્થું આપવાના હુકમો કરવાની માંગણી કરતી રજૂઆત રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA

ZARIN Pvt. Ltd.
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com